ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



જયંતિભાઈ આહિર
જનસંપર્ક અધિકારી
સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર



ગિરીશકુમાર જાદવ
મો. ૯૮૨૪૦ ૧૬૪૨૧




સૃજન જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮

# વિશ્વગ્રામ દ્વારા ૨૯ મે-૩ જૂન દરમ્યાન મહેસાણા ખાતે યુવા શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

વિશ્વગ્રામ દ્વારા ડૉ. દ્વારકાદાસ જોષી મૅમોરિયલ ફાઉન્ડેશન પ્રેરિત યુવા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રજ્ઞાબેન પટેલે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે આગામી તા. ૨૯ મે થી ૩ જૂન, ૨૦૧૬; રવિવારથી શુક્રવાર દરમ્યાન ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલ, શંકુઝ વૉટર પાર્ક સંકુલ, અમીપુરા, જિ. મહેસાણા ખાતે આ યુવા શિબિર યોજાશે, જેમાં ભાગ લેવા માટે પ્રત્યેક યુવાએ પાંચસો રૂપિયા યોગદાન આપવાનું રહેશે. શિબિરમાં ભાગ લેવા માટે વય મર્યાદા ૨૦થી ૪૫ વર્ષ નિયત કરવામાં આવી છે.

'સહિષ્ણુતા અને સંવાદિતા' વિષયે આયોજિત આ યુવા શિબિરમાં વક્તા તરીકે આરીફ મોહમ્મદ ખાન (ખુશ્બુ સહિષ્ણુતા કી ), રઘુવીર ચૌધરી (અમે સારસ્વતો સંવાદિતાના સાધકો), પી કે લહેરી (ગાંધીની દૃષ્ટિએ સંવાદિતા), અરુણભાઈ દવે (સમષ્ટિનું સંવાદગાન), મણિલાલ હ પટેલ (સૃષ્ટિનું સંવાદગાન), અજય ઉમટ (અસંમતિનું સૌંદર્ય), દિપક સોલિયા (સહિષ્ણુતા અને સંવાદિતાની બોધકથા) અને સંભવતઃ કુમારપાળ દેસાઈ (સંવાદિતા અને એકાન્ત દર્શન) ઉપસ્થિત રહેશે.

આ માટેની વધુ વિગતો માટે હર્ષા-ચેતન શર્મા (મો. ૯૪૨૭૬ ૭૪૭૮૩, ૯૪૦૯૩ ૮૬૪૭૧)નો સંપર્ક કરવા અથવા સંસ્થાને ઈમેઈલ (vishwagrambasna@gmail.com) કરવા જણાવાયું છે.

# જે એમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયનું વાર્ષિક પરિણામ જાહેર કરાયું

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયનું ગુજરાતી માધ્યમનું ધોરણ-૧થી ૮નું વાર્ષિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

આ પરીક્ષામાં પ્રથમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થયેલાં વિદ્યાર્થીઓનાં નામ શાળા દ્વારા જાહેર કરવામાં આવ્યાં છે અને આ સૌ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ |
|---|---|
| | **ધોરણ - ૧** |
| ૧ | રીયા મયુરભાઈ પારેખ |
| ૨ | માહિ મનિષભાઈ પરમાર |
| ૩ | પ્રાપ્તિ ઉન્મેશભઆઈ નાયક |
| | **ધોરણ-૨** |
| ૧ | નૈન્સીકુમારી ધર્મેશભાઈ પટેલ |
| ૨ | ગોપીબેન દિલીપભાઈ ડિડિયા |
| ૩ | ઝલક સિદ્ધરાજ તબિયાડ |
| | **ધોરણ-૩** |
| ૧ | ખુશી કિરણકુમાર કાપડિયા |
| ૨ | સ્વાતિ કૌશિકકુમાર સોલંકી |
| ૩ | માનલ રમેશભાઈ દેસાઈ |
| | **ધોરણ-૪** |
| ૧ | શ્રીજા મુકેશભાઈ ચૌધરી |
| ૨ | તીર્થ કમલેશભાઈ પરમાર |
| ૩ | સ્મિતકુમાર મહેશભાઈ પટેલ |
| | **ધોરણ-૫** |
| ૧ | મેઘલ કરણસિંહ વાઘેલા |
| ૨ | પ્રિયાંશી ધર્મેશભાઈ પટેલ |
| ૩ | પ્રિયાંશુ ભાવેશકુમાર પનારા |
| | **ધોરણ-૬** |
| ૧ | કરન જિતેન્દ્રપ્રસાદ સોલંકી |
| ૨ | આશ્રી નરેશભાઈ ચૌધરી |
| ૩ | નિમિષા દેવેન્દ્રભાઈ સોલંકી |
| | **ધોરણ-૭** |
| ૧ | ધર્મેશ દશરથભાઈ પ્રજાપતિ |
| ૧ | દેવાંક્ષા ભરતકુમાર ચૌધરી |
| ૨ | ધૃવિલ મહેશભાઈ ગુર્જર |
| ૩ | કમળાબેન ઈશ્વરભાઈ પટેલ |
| | **ધોરણ-૮** |
| ૧ | નિધિ અશોકભાઈ ચૌધરી |
| ૨ | શિવાની વેલજીભાઈ ચૌધરી |
| ૩ | ચાર્મીબેન મહેન્દ્રભાઈ પટેલ |

# આધારશિલા હાઈસ્કૂલ ખાતે જિલ્લાનાં સારસ્વતોનું રક્તદાન



જીઍમઈઆરઍસ જનરલ હૉસ્પિટલ, ગાંધીનગર દ્વારા જિલ્લાના વલાદ મુકામે સ્થિત આધારશિલા હાઈસ્કૂલ ખાતે રક્તદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આધારશિલા પરિસરમાં શિક્ષણ ગુણવત્તા સંવર્ધન તાલીમ લઈ રહેલા જિલ્લાનાં ગણિત-વિજ્ઞાન વિષયનાં શિક્ષકો આ રક્તદાન કૅમ્પમાં ઉત્સાહપૂર્વક જોડાયાં હતાં અને તેમણે ૫૧ બૉટલ્સ જેટલું રક્તદાન કર્યું હતું. જનરલ હૉસ્પિટલ દ્વારા જિલ્લાનાં શિક્ષકોની આ સંવેદનશીલતાને બિરદાવી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ફેન
૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
લાલ રંગ
૬.૪૫
**સ્ક્રીન-૩**
કુંગ ફુ પાંડા (૩ડી અંગ્રેજી)
સવારે ૧૦.૩૦
જંગલબૂક (૩ડી હિન્દી)
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૭.૧૫, ૧૦.૧૫
**સ્ક્રીન-૪**
કિ ઍન્ડ કા
૭.૩૦
સાંતા બાંતા પ્રા.લિ.
૧૨.૩૦, ૨.૪૫, ૫.૦૦, ૧૦.૧૫
લાલ રંગ
સવારે ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
ફેન
૧૦.૦૦, ૭.૦૦
લાલ રંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦

# સીબીઍસસી સ્કૂલ્સમાં જંક ફૂડ પર પ્રતિબંધ

## સ્કૂલની આસપાસના ૨૦૦ મીટર વિસ્તારમાં પણ જંક ફૂડ પર પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૨૭

સીબીઍસસી બોર્ડે સ્કૂલની કેન્ટીન તથા આસપાસના ૨૦૦ મીટરના વિસ્તારમાં જંક ફૂડ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જેના પગલે હવે સીબીઍસસી બોર્ડ સંલગ્ન સ્કૂલોમાં અને આસપાસના ૨૦૦ મીટર વિસ્તારમાં ચિપ્સ, ફ્રાઈડ ફૂડ, કાર્બોનેટેડ બેવરેજીસ, રેડી ટુ ઈટ નુડલ્સ, પિત્ઝા, બર્ગર, પોટેટો ફ્રાઈડ, ચોકલેટ, કેન્ડી, સમોસા, બ્રેડ પકોડા સહિતનાં ફૂડ કે જે હાલમાં કેન્ટીનમાં સરળતાથી મળી રહે છે, તે મળી શકશે નહીં.

સીબીઍસસી બોર્ડ દ્વારા દેશની તમામ સ્કૂલોને પરિપત્ર મોકલી તેમની સ્કૂલમાં જંક ફૂડ પર પ્રતિબંધ મુક્યો હોવાની જાણ કરાઈ છે. આટલું જ નહીં સ્કૂલ કેમ્પસની ૨૦૦ મીટરની હદમાં પણ કોઈ ફેરિયો સ્કૂલ ટાઈમ દરમિયાન જંક ફૂડ વેચી શકશે નહીં. જોકે સ્કૂલ કેમ્પસની ૨૦૦ મીટરની હદમાં દુકાનો આવેલી હોય તો તેઓ પણ સ્કૂલ ડ્રેસમાં આવનારા બાળકોને જંક ફૂડ આપી શકશે નહીં તેવો આદેશ કરાયો છે. હાલમાં સીબીઍસસી બોર્ડ સંલગ્ન સ્કૂલોની કેન્ટીનમાં જંક ફૂડનું બેફામ વેચાણ થાય છે. જેમાં ફેટ, મીઠું અને ખાંડનું પ્રમાણ ખૂબ જ વધુ હોવાથી બાળકો અનેક રોગનો શિકાર બની શકે છે.

કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રજૂ કરાયેલા રિપોર્ટમાં કરેલી ભલામણો અનુસાર સીબીઍસસી બોર્ડ દ્વારા સ્કૂલની કેન્ટીન તથા ૨૦૦ મીટરની હદમાં જંક ફૂડ પર પ્રતિબંધ મૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ પણ બોર્ડે જંક ફૂડ મુદ્દે કડક નિર્દેશ આપ્યા હોવા છતાં સ્કૂલમાં બેફામ રીતે જંક ફૂડનું વેચાણ ચાલતું હોવાનું બહાર આવ્યું હતું. તપાસમાં માલુમ પડ્યું હતું કે, સ્કૂલોની કેન્ટીનમાં ફેટ, મીઠું અને ખાંડનું પ્રમાણ વધુ હોય તેવા ફૂડનું વેચાણ કરવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં ટાઈપ-૨ ડાયાબીટિસ, હાયપરટેન્શન, કાર્ડિયોવસ્ક્યુલર ડિસીઝ સહિતના રોગ થવાની શક્યતા રહેલી છે. આ મુદ્દે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા એક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં સ્કૂલમાં કેવા પ્રકારના ફૂડ હોવા જોઈએ તે અંગેની ગાઈડલાઈન તૈયાર કરાઈ હતી. દરમિયાન રિપોર્ટના આધારે સીબીઍસસી બોર્ડ દ્વારા સ્કૂલોની કેન્ટીનમાં જંક ફૂડના વેચાણ પર પ્રતિબંધ મુકી દીધો છે. એટલું જ નહીં, સ્કૂલ સમય દરમિયાન સ્કૂલ કેમ્પસની ૨૦૦ મીટરની હદમાં કોઈ ફેરિયો પણ જંક ફૂડ વેચી નહીં શકે તેવા આદેશ કર્યા છે. આ ઉપરાંત સ્કૂલ કેમ્પસની ૨૦૦ મીટરની હદમાં દુકાનો આવેલી હોય તો તેમણે પણ સ્કૂલ ડ્રેસમાં આવતા બાળકોને જંક ફૂડ આપવું નહીં તેવા આદેશ કરવામાં આવ્યો છે. આમ સીબીઍસસી સ્કૂલ તથા તેની ૨૦૦ મીટરની હદમાં જંક ફૂડ પર પ્રતિબંધ ફરમાવાયો છે.

# પ્રેરણા વિદ્યાલય દ્વારા આજથી "કલા તાલીમ શિબિર"નો પ્રારંભ

## શિબિરમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાનું ચૂકી ગયા હોય તેવા શિબિરાર્થીઓને આજે પ્રવેશ આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ દ્વારા આગામી તા. ૨૮ એપ્રિલથી ૭ મે દરમ્યાન કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર બાદ તાલીમાર્થીઓને સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે.

પ્રેરણા વિદ્યાલયના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે નગરના રજિ. ચેરીટેબલ ટ્રસ્ટ જી ઈ ક્લબના સહયોગથી તા. ૨૮ એપ્રિલથી ૭ મે દરમ્યાન સવારના સમયે પ્રેરણા વિદ્યાલય ખાતે કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તબલાં વાદન, ગિટાર વાદન, કી-બૉર્ડ પ્લેઈંગ, હાર્મોનિયમ વાદન, ડ્રોઈંગ, કથ્થક, ભરતનાટ્યમ્, વેસ્ટર્ન ડાન્સ, રાસ, ગરબા, લોક નૃત્ય, કરાટે, નાટક, મહેંદી અને ઓરીગામી (જાપાની પેપર આર્ટ)ની તાલીમ આપવામાં આવશે. સફળતાપૂર્વક શિબિર પૂર્ણ કરનાર તાલીમાર્થીને સંસ્થા તરફથી પ્રમાણપત્ર તથા સ્ટેજ શો દ્વારા કલા પ્રદર્શનની તક પણ આપવામાં આવશે. ઓછામાં ઓછા ૮ વર્ષ અને વધુમાં વધુ ૧૪ વર્ષની વયનાં બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકે છે. જે શિબિરાર્થી બાળકો આ શિબિરમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાનું ચૂકી ગયા હોય તેમને આજે શિબિરમાં પ્રવેશ માટેની તક આપવામાં આવશે, એમ જણાવતાં તેમણે સવારે ૮થી ૧૧ દરમ્યાન પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ એ ખાતે સંપર્ક કરવા વધુમાં જણાવ્યું છે.

# એઍમએ ખાતે પૅનલ ડિસ્કશન

ગાંધીનગર, તા. ૨૭

વર્લ્ડ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ડે તેમજ અમદાવાદ મેનેજમેન્ટ અસોસિએશન ખાતે ચાલતા વાય.જે. ત્રિવેદી એએમએ એકેડેમી ફોર ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સની દસમા વર્ષની ઉજવણીના ભાગરૂપે મંગળવારે એક પેનલ ડિસ્કશનનું આયોજન થયું હતું. જેમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હા, આઈઆઈએમ અમદાવાદના પ્રોફેસર ડૉ. અનુરાગ અગ્રવાલ, ગુજરાતી ફિલ્મ અભિનેત્રી શાઈના શાહ પેનલિસ્ટ તરીકે હાજર રહ્યા હતાં. એડવોકેટ જતીન ત્રિવેદીએ આ દિવસની ઉજવણીનું મહત્વ સમજાવતા કહ્યું કે, 'ગુજરાતી અને સંસ્કૃત જેવી ભાષાઓ માટે વધુમાં વધુ લોકો સુધી પહોંચાય તે અગત્યનું છે. તેમના માટે ડિજીટલ મીડિયા આશીર્વાદરૂપ છે.'

# રેડિયો સિટી દેશને 'રગ રગ મેં દૌડે સિટી'ના તાલે ડોલાવે છે

ગાંધીનગર, તા. ૨૭

વધુ એક અસાધારણ પગલું ભરતાં દેશના અગ્રણી રેડિયો નેટવર્ક રેડિયો સિટીએ 'રગ રગ મેં દૌડે સિટી' નામના નવા અભિયાનની શરૂઆત કરી છે. જેમાં ૨૦ વિવિધ શહેરોનો અનુરૂપ સ્ટેશનાલિટીટ્યુન્સ તૈયાર કરાઈ છે. જેમ દરેક શહેરની પોતાની આગવી ઓળખ હોય છે તદ્દન એ જ રીતે રેડિયો પણ મૂળભૂતપણે એક સ્થાનિક બાબત છે. આ જ લાગણીને રેડિયો સિટી એક ડગલું આગળ લઈ જાય છે અને ભારત માટે 'લોકલ'ની નવી વ્યાખ્યા બાંધે છે.

'રગ રગ મેં દૌડે સિટી' એવી લાગણીઓને સ્પર્શે છે જે નાગરિકોને પોતાનાં શહેર સાથે બાંધે છે. આ અભિયાનનો હેતુ શ્રોતાઓમાં શહેર માટેના ગર્વની લાગણીને ઉત્તેજન આપવાનો છે. આ નવા અભિયાન સાથે બ્રાન્ડ પોતાનું ધ્યાન સ્થાનિક સંસ્કૃતિ, સ્થળો તથા અવાજો સાથે પોતાની ઓળખ સ્થાપવા પર કેન્દ્રિત કરશે. 'રગ રગ મેં દૌડે સિટી' આ સ્તુતિગાન એ સિટીઝનના રોજ-બ-રોજના જીવનમાં તે જે લાગણીઓને અનુભવે છે તેની નાડ પારખ્યા બાદ તથા તેને સમજ્યા બાદ ખાસ તકેદારી રાખીને રચવામાં આવ્યું છે. સુખવિંદર સિંહ, કીર્તિ સાગઠિયા અને કાર્તિકે પોતાનો વીજળીક અવાજ આપી દરેક સિટીઝનને બાંધતા તથા ઝકડી રાખતા અને પગ થીરકાવવા પર મજબૂર કરતા આ સ્તુતિગાનને એક અનોખો આયામ બક્ષ્યો છે. આ સ્તુતિગાન શહેર માટેના ગર્વની લાગણી, પોતીકાપણાની ભાવનાને જગાડે છે તથા દરેક નાગરિકની નસોમાં દોડતા ધબકારાને ઉજાગર કરે છે. આ અભિયાન સ્થાનિક છે જે ફ્લૅશ મૉબ્સ, વાઈરલ માર્કેટિંગ, બ્રાન્ડેડ મર્ચેન્ડાઈઝ તથા સંકલિત બ્રાન્ડિંગ જોડાણો અને ઑફ ઍર દ્વારા શ્રોતાઓ સાથે લાગણીયુક્ત જોડાણનો આશય ધરાવે છે.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**

# વાચકોને આમંત્રણ

## 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

એપ્રિલ માસનો વિષય છે :

## 'મારા ગુરુ ગૌરવશાળી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે

# મીઠી વાણી, પીવાલાયક પાણીનો કારમો દુષ્કાળ

## જીવનની ઝડપી ભાગદોડમાં ઘણું સાત્ત્વિક સાથે રહેતું નથી કે શીખવાની ચીવટ રહેતી નથી એ મોટી કરૂણતા છે

**સૂન મનવા**
**મહેન્દ્ર એમ ત્રિવેદી**

સમય જે શીખવી શકે એ કોઈ ગુરુ કે શિક્ષક પણ ના શીખવી શકે. લાંબા સમયના આયોજનમાં બહુ જ ટૂંકી સંખ્યાના લોકો નક્કર રીતે વિચારી શકતા હોય છે, તેઓ ભવિષ્યની સચિત્ર કલ્પના પણ કરી શકતા હોય છે અને તેમનું આયોજન સુખકર સાબિત થતું હોય છે. પરંતુ ભાવિદૃષ્ટાને સમાજ વાસ્તવમાં સમર્થન કરતો નથી. તેને શેખચલ્લી ગણીને મજાક બનાવી નાખવામાં આવે છે.



દેશના આર્થિક આયોજનમાં જેમ પારાવાર મુશ્કેલીઓ આવે છે તેવી જ ઘટના વાણી અને પાણીની બાબતમાં પણ જોવા મળે છે ! મીઠી વાણી, મુદ્દાસભર ચર્ચા, ધીરજવાળી વાત, દિલની સુકૂન આપે તેવાં વેણ હવે ઘટતાં જ જાય છે અને તેના અજંપાને નામ આપવામાં આવે છે 'અસહિષ્ણુતા.' ગમે તેવો બફાટ ગમે તે વિષયમાં ગમે ત્યાં કરવો એ જાણે સામાજિક રિવાજ બની ગયો છે. પછી દિવસો સુધી તેની ઉપર ચર્ચાઓ થતી રહે છે.

'વાણી અને પાણી સ્વચ્છ રાખો' એવાં સૂત્રો અમે સ્કૂલમાં હતા ત્યારે અમે વાંચેલાં પરંતુ તેની સાર્થકતાનો ખ્યાલ ઘણાં વર્ષો પછી આવ્યો. જીવનની ઝડપી ભાગદોડમાં ઘણું સાત્ત્વિક સાથે રહેતું નથી કે શીખવાની ચીવટ રહેતી નથી એ મોટી કરૂણતા છે. શબ્દમાં બ્રહ્મ છે, એ શક્તિ છે, જેને યોગ્ય રીતે ઉપયોગમાં લેવામાં સમાજ નિષ્ફળ ગયો છે તેવું રોજ લાગતું રહે છે. માણસ માણસને પ્રેમ કરવામાં કાચો રહે છે એટલે નજીવી બાબતમાં ખૂન-ખરાબા કે ધાંધલ-ધમાલ થઈ જાય છે. મીઠી વાત કરવામાં હૃદયમાં મીઠાશ હોવી આવશ્યક છે જે પ્રવર્તમાન રહી નથી ત્યાં તો ઉદ્વેગ, અજંપો, અસંતોષ, કડવાશ, દ્વેષ, ઈર્ષા, અહમ્ પોતાનો અડ્ડો જમાવી બેઠા છે ! સંતવાણી, કથા, કીર્તન ગમી જાય છે કેમકે તેમાંથી શાતા મળે છે. વાણીથી વાત-સંવાદ થાય એટલે તેની ગુણવત્તા કે મીઠાશ ઘણા કંકાસોને રોકી શકે છે. વાણી એ તો ઈશ્વરનું મળેલું વહાલ છે, જેને આપણે સખે વહેંચી શકતા નથી.

બીજી અત્યંત પીડાદાયક વાત છે પીવાના પાણીની કારમી સ્થિતિની. એવું લાગે છે કે અડધું ભારત જીવવા માટે રોજ તરસી રહ્યું છે. પાણી માટે યુદ્ધો થઈ રહ્યાં છે. મહારાષ્ટ્ર, ઝારખંડ, બિહાર અને ઓડિસા, ગુજરાત જેવાં રાજ્યોમાં પીવાના પાણીની ગંભીર કટોકટી ઊભી થઈ છે. એમાં દોષ માત્ર કુદરતનો નથી, આપણો પણ છે. જળ પ્રબંધનમાં આપણે કાચા હતા અને છીએ.

જળ એ જ જીવન કહીએ છીએ, પરંતુ જે દૃશ્યો આજે પાણીની અછતવાળા વિસ્તારોમાં દેખાય છે તે જોઈને દિલ દ્રવી ઊઠે છે. શું આ જ છે આપણી આઝાદીની ફળશ્રુતિ ?

હદ તો ત્યારે થાય છે કે જ્યારે ૪૪ ડિગ્રી ગરમીમાં દસ વર્ષની બાળકી પાણી માટે આખોદિવસ ઘરથી પાણી લેવાના સ્થળ વચ્ચે દસ-બાર વખત આવ-જા કરે છે અને અંતે લૂ લાગી જતાં બેશુદ્ધ થઈને મૃત્યુ પામે છે. મહારાષ્ટ્રની આ સ્થિતિ જોઈને એવો વિચાર આવે છે કે આપણે હવે શેના માટે લાયક રહ્યા છીએ ? માણસ બનીશું ?

અંતે, એક શેર :

ખૂબસુરત સા વો પલ થા
પર ક્યા કરે વો કલ થા